**<u>રેગ્યુ. દિવાની દાવા નં. ૨૦૧/૨૦૧૮</u>**

**પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે રજુ સી.પી.સી. ઓર્ડર–૭, રુલ–૧૧(એ)(ડી) મુજબની આંક–૨૨ વાળી અરજી લગત હુકમ :**

---

(૧) આ કામે પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે સી.પી.સી. ઓર્ડર–૭, રુલ–૧૧ (એ)(ડી) તળે દાવા અરજી રીજેકટ કરવા માટે અરજ ગુજારેલ છે. અને આ અરજી સામે વાદીઓ તરફે આંક–૨૬ થી લેખિત જવાબ વાંધા રજુ કરેલા છે. બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા.

(૨) આ કામે પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે આંક–૨૭ થી લેખિત દલીલ રજુ કરેલ છે. તેઓએ હાલની અરજી તથા દલીલ રજુ કરી એવી રજુઆત કરેલ છે કે, વાદીને દાવો કરવા કોઈ ચોકકસ કારણ ઉપસ્થિત થયેલ નથી. તેમજ વાદી કલેવર ડ્રાફટીંગ કરીને હાલનો દાવો કરેલ છે. તેમજ અગાઉ વાદગ્રસ્ત મિલ્કત સંબંધે જે દાવો થયેલો તેની હકીકતો પણ છુપાવેલ છે. જેથી વાદીને દાવો કરવા માટે કોઈ ચોકકસ કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીનો દાવો રદ કરવો જોઈએ. વધુમાં તેઓની એવી પણ રજુઆત છે કે વાદીના દાવાને લીમીટેશન એકટની સ્પષ્ટ જોગવાઈનો બાધ નડે છે. વાદગ્રસ્ત મિલ્કત સંબંધે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૯૪૮ કે જે સને–૨૦૧૦ માં થયેલો છે અને તે અંગે અગાઉ અમીનાબાઈ (એમણાબાઈ) એ દાવો કરેલો તે દાવામાં સમાધાન થતાં હાલના વાદીઓ પૈકી એક વાદીએ તેમાં સહી કરેલી. અને તેરીતે પણ વાદીઓને દાવાવાળી મિલ્કત અંગે થયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સંદર્ભે માહિતી ઘણા વર્ષોથી હોવા છતાં તેઓએ લીમીટેશન એકટની કાયદાની જોગવાઈ મુજબ ત્રણ વર્ષની સમય મર્યાદામાં કરેલ નથી, જેથી પણ વાદીનો દાવો રદ કરવા વિનંતી કરેલ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>૧૯૯૯(૧) જી.એલ.આર.–૨૬૧, મહારાજશ્રી માનવેન્દ્રસિંહ આર.જાડેજા વિરુધ્ધ રાજમાતા વિજયકુંવરબા</u>** ના ચુકાદા ઉપર આધાર રાખી

વાદીની દાવા અરજી રદ કરવા જણાવેલ છે.

(૩) આ કામે વાદીઓના વિધ્વાન વકીલશ્રીની રજુઆત છે કે, વાદીઓએ હાલનો દાવો દાખલ કરવા માટે ચોકકસ કારણ દાવા અરજીમાં જણાવેલ છે. વધુમાં તેઓની રજુઆત છે કે આ કામે પ્રતિવાદી નં.૪ નાએ ખોટો અને બોગસ પાવરનામું ઉભું કરીને પ્રતિવાદી નં.૧ થી ૩ ને ગેરકાયદેસર રીતે અને ખોટી રીતે વેચાણ દસ્તાવેજ બનાવી આપેલ છે. તેમજ પ્રતિવાદીઓ જણાવે છે તેવા કોઈ અવેજ કે ચેકની રકમ આપવામાં આવેલ નથી. તેમજ પ્રતિવાદીઓ ધ્વારા જે લીમીટેશન એકટના કાયદાનું કારણ જણાવેલ છે પણ તે કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન હોઈ પુરાવો લીધા બાદ આ અંગે નિર્ણય થઈ શકે. જેથી પ્રતિવાદીઓ તરફેની હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. વાદીઓના વકીલશ્રીએ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના વિવિધ ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

૧. એ.આઈ.આર. ૧૯૮૦ પંજાબ એન્ડ હરીયાણા ૨૫
૨. એ.આઈ.આર. ૨૦૧૧ મદ્રાસ ૧૩૬, એન.રવિન્દ્રન વિરુધ્ધ રામચંદ્રન
૩. ૨૦૧૮ સી.જે.(એસ.સી.) ૩૧૮, છોટાબેન અને બીજા વિરુધ્ધ કીરીટભાઈ જલકૃષ્ણભાઈ ઠાકર અને બીજા
૪. ૨૦૧૦ સી.જે.(ગુજ.) ૨૭૨૨, ભુપેન્દ્રભાઈ હસમુખભાઈ દલવાડી અને બીજા વિરુધ્ધ સાવિત્રીવેન ગણુમલ ક્રિશ્નાની અને બીજા
૫. ૨૦૦૫ સી.જે.(ગુજ.) ૩૧૪ હિમાંશુ મદનલાલ શાહ વિરુધ્ધ બી.એમ.પુજારી
૬. ૨૦૧૦ સી.જે.(એસ.સી.) ૧૪૪૧ સુહરીદ સિંહ ઉર્ફે સારદુલ સિંહ વિરુધ્ધ રણધીર સિંહ
૭. એ.આઈ.આર. ૧૯૮૭ દિલ્હી ૧૬૫, અરજણ સિંહ અને બીજા વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને બીજા

(૪) આ કામે બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે સી.પી.સી. ઓર્ડર–૭, રુલ–૧૧(એ)(ડી) મુજબ વાદીઓનો દાવો રીજેકટ કરવા માટે અરજ ગુજારેલ છે. પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ ઓર્ડર–૭, રુલ–૧૧ તળેની અરજીનો ન્યાય નિર્ણય કરતી વખતે માત્ર ને માત્ર વાદીની દાવા અરજી અને વાદી ધ્વારા દસ્તાવેજી આધારો રજુ રાખવામાં આવેલા છે તેને ધ્યાને લેવા પડે. આ સંદર્ભે હાલનો કેસ જોવામાં આવે તો વાદીઓ ધ્વારા જે દાવા અરજી રજુ રાખવામાં આવેલ છે તે દાવા અરજીમાં વાદીઓએ પેરા–૧૧ માં દાવો કરવા માટેનું કારણ સ્પષ્ટરીતે જણાવેલ છે. તેમજ દાવો કરવા માટેનું કારણ જોવા માટે સમગ્ર દાવા અરજી પણ વંચાણે લેવી પડે.

(૪/૧) વાદીઓએ હાલના દાવામાં એવી તકરાર ઉઠાવેલ છે કે વાદગ્રસ્ત મિલ્કત અંગેનો જે વેચાણ દસ્તાવેજ થયેલ છે તે વેચાણ દસ્તાવેજ પાવરદારની હેસીયતથી કરવામાં આવેલ છે. અને વાદીઓના કથન છે કે એમણાબાઈએ આવું કોઈ પાવરનામું કરેલ નથી. અને પ્રતિવાદી નં.૪ નાએ તેનો ખોટી રીતે બનાવટી પાવરનામું બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી પ્રતિવાદી નં.૧ થી ૩ ની તરફેણમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ બોગસ રીતે બનાવી ઉભો કરેલ છે. અને વાદીઓને કોઈ અવેજની રકમ મળેલ નથી. અને આ રીતે વાદી આવા કથનો સાથે દાવો લાવેલા છે. અને તેઓનો આક્ષેપ છે કે પ્રતિવાદી નં.૪ નાએ ખોટી રીતે અને બોગસ પાવરનામાના આધારે જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરેલ છે તેના ડેકલેરેશન માટે તથા કાયમી મનાઈ હુકમ અને દાવાવાળી મિલ્કતમાં પોતાનો હકક ભાગ રહેલો હોઈ વાદગ્રસ્ત મિલ્કતનો જે બોગસ વેચાણ દસ્તાવેજ થયેલ છે તે તેઓને બંધનકર્તા નથી તે માટે દાવો કરેલ છે. આ કામે પ્રતિવાદીઓ તરફે એવી રજુઆત છે કે એમણાબાઈએ જે તે સમયે દાવો કરેલો તેથી તેઓને વેચાણ દસ્તાવેજ થયેલાની હકીકતની જાણ છે પરંતુ ત્રણ વર્ષની સમય મર્યાદામાં દાવો કરેલ નથી. પરંતુ અત્રે એ ઉલ્લેખનીય છે કે લીમીટેશનનો મુદો એ કાયદા અને હકીકતનો મિશ્ર પ્રશ્ન છે અને તેનો ન્યાય નિર્ણય ચાલતા

દાવે પુરાવો લીધા બાદ જ તેનો આખરી નિર્ણય થઈ શકે. અને તેવા કારણસર વાદીની દાવા અરજી રીજેકટ ના થઈ શકે. જેથી પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે જે લેખિત દલીલો આંક–૨૭ થી રજુ છે તે ટકવા પાત્ર નથી તથા તેઓએ રજુ રાખેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો હાલના કેસને સુસંગતરીતે લાગુ પડતો નથી. જયારે વાદીઓની દલીલો તથા રજુ રાખેલ ચુકાદા તેઓની દલીલને સમર્થનકર્તા હોઈ સુસંગત રીતે લાગુ પડતા હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. પ્રતિવાદી નં.૧ થી ૩ તરફેની હાલની આંક–૨૨ વાળી સી.પી.સી. ઓર્ડર–૭, રુલ–૧૧(એ)(ડી) મુજબની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તા.૨૨મી, માહે નવેમ્બર, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સહી/–

તા.૨૨/૧૧/૨૦૧૯
ભુજ–કચ્છ

**(જયેશ એ. દવે)**
બીજા અધિક સિનીયર સિવીલ જજ
ભુજ–કચ્છ (જી.જે.૦૦૭૧૨)

MD